૭૩૩૫ શ્રી

વ્યસના ધીક ધીક્કાર.

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર,

કાસમભાઈ સુલેમાનભાઈ મુ. કડી

તથા જીજીભાઈ સુરજમલજી રજપુત.

મુ. કડી રાજ વડોદરા.

શ્રી "કડી બાળ સત્યવૃદ્ધક મંડળી"ના માટે.

અમદાવાદ

ખાડીઆમાં સારંગપુર જવાની સડક ઉપર મહેતાજી પિતાંબરદાસ ત્રિભુવનદાસના મકાનમાં હિતેચ્છુ પ્રેસમાં પટેલ જેશંગ મુળજીએ તેના માલિકને માટે છાપી પ્રસિદ્ધ કર્યું.

કીમત રૂ.૦—૧—૬ કલદાર.

૭૩૩૫

અર્પણ પત્રિકા*

મહેરબાન મુરબ્બી

પુરૂષોત્તમદાસ ગોવિંદજી.

મુ. હાલ કડી.

આપ વિદ્યાના બળવડે આ બાળકોને ખંતથી અહર્નીશ મદદ કરતા આવ્યાછો તો તેના બદલામાં આ લઘુ ગ્રંથ આપની શેવામાં કબુલ કરશો એવી આશા છે.

લી. સેવકો,

કાસમ સુલેમાનભાઈ.

જીજીભાઈ સુરજમલ રજપુત.

સંવત ૧૯૫૬—સને ૧૯૦૦

શ્રી

વ્યસનો ધીક ધીક્કાર.

॥ શ્રી સરસ્વતીને નમઃ ॥

છપ્પો.

કેફ કરંતા નર, નહી કો દીન જશ પામે;
કેફ કરંતા નર, નહી નીજ દુઃખ વામે;
કેફ કરંતા નર, વેદના પામેછે ઝાઝી;
કેફ કરંતા નર, થયા કોઈ નહિ રાજી;
વળી કેફ કરંતા નરો, દુઃખ પામી ઝાઝા ગયા;
કહે "કાસમ" નીજ અંતરથકી કેફીજન દુઃખી થયા.
સજ્જન જાણો તેહ, કેફ નહી કોઇ કરશે;
સજ્જન જાણો તેહ, નીત્ય નીતિથી પળશે;
સજ્જન જાણો તેહ, કદી જૂઠું નવ બોલે;
સજ્જન જાણો તેહ, ગુણ કોઇનું નવ ખોલે;
વળી સજ્જન તેને જાણવો, સ્પર્શ નહિ કેફનો કરે.
કહે "કાસમ" નીજ નીતિથકી, સુજન બોલે જેટલું પળે.
ગુણી તેહનું નામ, જેણે કેફ નવ કીધી;
ગુણી તેહનું નામ, જેણે દયા શિર લીધી;
ગુણી તેહનું નામ, જેણે મમતાને મૂકી;
ગુણી તેહનું નામ, જેણે વિદ્યા સીધી;
વળી ગુણી તે નર, જેણે ઇશ્વરને આરાધીયા;
"ઇબ્રાહીમ" સુખ મનથી કહે, ગુણીજન સુખીયા થયા.

મનહરછંદ.

કોઈની જે યારી કરે, દુઃખ તે તો શિર ધરે,
નહિં ઠાર તેતે મળે, દુખી બહુ થાયછે.
આમકેરા જાણે લોક, ખુબ સાથે મુકે પોક,
"જીજીબાઈ" કહે તેને દુખ મનમાં થાયછે.
પણ જ્યારે છૂટા પડે, દુર્જનની દોસ્તી જડે,
ત્યારે પાછું પાપ નડે, ને કેરી ઘેર જાયછે.
ફરી ફેફ ભમે નર, જાણેછે હરાયો ખર,
વગડાના વાનર, એવો તે જણાયછે.
તે તો જાણે રંગ સારો, કરે ખોરાકમાં વધારો,
પાછળથી નડનારો નક્કી ગણાયછે,
કહેછે "કાસમ" આજ, રાખે ખરા બહુ લાજ,
કર્યાથી શુભ રીતે કાજ, પ્રભુ પળાયછે,
બેઠાબેઠા ઓકાં મારે, લોકોની ગીબતો કરે,
અફીણીની મંડળીમાં, અફીણી ભરાયછે.
પછીથી આનંદ લાવી, પીએછે મન મલકાવી,
વાટકીઓ છલકાવી, મજાને તમામ તે.
એવા નરો તજી નાંખો, સુજનથી પ્રીતી રાખો
નીતિનીતિ મુખે ભાખો, કહેછે "કાસમ" જે.
કેફીજન જગમાંહી, ફરે તે તો જ્યાંત્યાંહી,
મન મલકાવી તે તો આનંદમાં ધાયછે
જોગી સંતને મુકામે, દોડી જાય ઠામેઠામે,
રત્ન હાથથી ગુમાવી, મુરખ પસ્તાયછે.
રહો વીર તમે છેટા, તેવાનાથી નાના મોટા,
"કાસમ" પસીજી કહે, જેથી સુખ થાયછે.

ભુજંગી છંદ

રૂણો ભાઇ મારા હવે વાત મારી,
તજો કેફકેરી તમે તો બયારી,
નથી કેફમાં માલ કાંઇ વિચારો,
અનીતિ તજીને સુનીતી વધારો.
કયા કેફ કેરા મહીં માલ ઝાઝા
કરી કેફથિ યા કહો કોણ રાજા;,
તમે વાત એવી હવે દીલ ધારો,
અનીતિ તજીને સુનીતી વધારો.
જુવો રંગ કેરી બિના બન્ધુ મારા,
થયા લોક દુખી પીનારા બિચારા;
નથી ગુણ એમાં લગારે થનારો,
અનીતિ તજીને સુનીતી વધારો.
વધે હર્ષ જેથી તમે કેફ છોડો,
કહે આજ કાસમ તમે ચીત જોડો;
વળી શબ્દ મારો તમે દીલ ધારો,
અનીતિ તજીને સુનીતી વધારો.

લલિત છંદ.

અરર કેફરે, શું કરૂં હવે. ઘડપણુ થકી, દુખ તો સહે.
શિશુપણા મહી, કેફ તો મળી, વૃધપણા થકી, કેફ ન જડી
પુત્ર પુત્રી અને, ભાઈ બેનરે, જીજીભાઇ કહે, સ્ત્રી પુરૂષરે.
સરવ કાર તું, સુખ તો લહે, દુખ તજી અને, સુખમાં રહે.

મનહર છંદ.

(આહ્યા) જવા દે ગાંજાની પ્રીત, નથી એમાં સારી રીત,
કહુછું હવે ખચીત, ભુરા મારૂં માની લે.
બતાવો પીધામાં સાર, કરીને તમે વિચાર,
આખર તે ખાનાર, નહી તુ તો જાણી લે.

કહે છે 'કાસમ'પીર, ધરી તમે મન ધીર,
હાથ લહો ન કથીર, ધીર અતિ આણીને.

શાને જીવ્યા હું અભાગીઓ. એ રાગ.

શાને જીવ્યો કેફી નર તું, કેફ કરવા જગમાંય,
પરથમ તું સમજ્યો નહિ, પસ્તાવો કરે આંય—શાને
બાળપણામાં ચેત્યો નહિ, ને કર્યો કેફ સંગ,
જુવાનીમાં તેમજ વર્ત્યો, વૃધપણામાં પસ્તાય.—શાને
"જીજીભાઇ" પોકારી કહે, છોડો કેફ મમવીર,
કેફીની સોબત છોડી, જાવો પંડિત જ્યાંય.—શાને

મનહર છંદ.

કેફી જ્યારે કેફ ધરે, મનને પ્રસંન કરે,
અહંકાર શિર ધરે, વિચાર વધારીને.
ગુણીજન ગુણ ધરે, આનંદ માંહી સદા ફરે,
દુખ સહુ દુર કરે, ઇશ્વર સંભારીને.
"જીજીભાઈ" કહે વીર, ધરો મન અતિધીર,
ભંગી અફીણી કેફીની દોસ્તી નવ કરીએ.
ભાંગ ગાંજો ખુબ ઘૂંટી, અંદર મરી લસોટી,
ભાંગ માંહી ખાંડ ખૂટી કેફી જન કહે છે.
કલાલને ઘેર ગયો, રાતો માતો ત્યાં તો થયો,
ગધેડાનો ભાર વહ્યો, ગુણી જન કહે છે.
માન ગાન સદા પામે, ગુણી જન ઠામે ઠામે,
"જીજીભાઇ" દુખવામે, સદા સુખ લહે છે.

અરે અન્યાય આ રીતે રાગ.

અરે કેફ કહું તુને, તુજ મુખ ન દેખાડ મુને.
કહું તુને કરગરીને, તુજ મુખ ન દેખાડ મુને.
બાળપણું તારામાં ગયું, જુવાનીનું સુખ તુજમાં વહ્યું
ઘડપણમાં પસ્તાવે મુને, તુજ મુખ ન દેખાડ મુને,

ભાંગ ગાંજા માટે ફરતો ફું જોગી સંતના મુકામે હું.
હવે પસ્તાવો મુજ મનને, તુજ મુખ ન દેખાડ મુને.
ઘડપણમાં કેફ ન મળે, તો વઘ્ર જેમ બકરીથી ડરે,
"જીજીભાઈ" વીનતી કરે, તુજ મુખ ન દેખાડ મુને.

કુંડળીઓ.

કેફીનર તું સુણ જે, કહુ કરી વીચાર,
ઝટ મનમાં જાણી લહો, કેફ કરો વિસ્તાર,
કેફ કરો વિસ્તાર, ભાંગ ગાંજામાં ઝઝું,
અફીણ ગોળીને પી, સરાબ પી વગાડ વાજું,
કેફીકેરી જે રીત, નહિ આપ અને તું પી,
કહે "જીજીભાઈ" નીમથી, આવા અવગુણ તે કેફી.

હીરછંદ.

કેફીઆ તું કેફ છોડી ભજને ભગવાનને,
તો દુખ છોડી સુખી તુ તો થઈશ નકી જાણને,
માટે હું નકી કહું તુ રાખજે મનમાં જરી,
જીજીભાઈની વીનતિ હઈએ રાખ તું ધરી,
પંડિતની દોસ્તિ કરિ, કેફી જનને છોડજે,
પંડિતને મુકામે જે ઈશ ભક્તિ મનમાં જોડજે,
તો નીત્ય નેમથી પ્રભુની વિનતિ રાખો ધરિ,
જીજીભાઈની વિનતિ હયએ રાખ તું ધરી.

મનહરછંદ.

ભાંગ તમે છોડો, ગાંજા કેરી પ્રીતી તોડો,
કેફમાં અવતાર તોડો, તમારો રહેનાર છે.
બહુ દીન તમે ખોયા, ઘડપણમાંહી રોયા,
દુખ હવે તમે જોયું, તુ તો દુખી નર છે.
છેવટની કાય તારી, મેં તો આંખથી નીહાળી,
જીજીભાઇ કહે મારી, વીનતિ ધરનાર છે.

મુબારકબાદી.

મુ૦ કડી.

રા૦ ઈશ્વરલાલ લલુભાઈ ભટ
રા૦ રા૦ લાલજી રામાજી પ્રભી
રા૦ રા૦ લાલજી સુરજમલજી ગોહિલ
મે૦ રસુલભાઈ માંમદભાઈ
રા૦ સોમનાથ છોટાલાલ ત્રીવેદી
રા૦ ત્રીભોવન પરસોતમ સોની
રા૦ મગનલાલ ઈશ્વરલાલ
રા૦ વીઠલ પુંજાભાઈ
રા૦ છોટાલાલ ભુદર માસ્તર
રા૦ દુરગાશંકર બાપુલાલ શુક્લ
રા૦ જેઠાલાલ જુગલરામ
રા૦ રા૦ કાળીદાસ લજાશંકર
રા૦ ગટોર પીતાંબર ભટ
રા૦ દલસુખ લલુ મણીયાર
રા૦ બાઈલાલ રણછોડ
વહોરા અફજલ અબદુલ રહીમ
ઉસ્માન હસન
રસુલ સમદ
સોમા મગન વાણીઆ
ઉસ્માન મહમદ
પરસોતમદાસ ગોવીંદ
રા૦ ખોડીદાસ નારાયણદાસ ભટ
રા૦ બાપાલ લલુભાઈ

વીરમગામ.

મે૦ પીરભાઈ ઇશબભાઈ
મે૦ મહમદ જીવાભાઈ
મે૦ ઉમર જીવાભાઈ

મે૦ લાડુ અસમાલ
મે૦ ચાંદા અબરામ
મે૦ કાસમ કરીમભાઈ

મહેમદાવાદ

રા૦ રા૦ ગીરજાશંકર બાપુજી

પાટડી.

કાશમ રસુલ
મે૦ નુરભાઈ (છબા) દાઉદ

અમદાવાદ

રા૦ રા૦ ચમનલાલ છોટાલાલ
રા૦ રા૦ મણીલાલ ચુનીલાલ
રા૦ રતીલાલ ચંદુલાલ

માંડળ

મે૦ અભરામ આકુબ
મે૦ મુસે માંમદ

લીંચ

મે૦ દરવેસ નુરભાઈ
મે૦ માંમદ પુંજા
મે૦ દાઉદ જીવા

ઈશાન તા. કલોલ

રા૦ રા૦ કાળીદાસ દલસુખરામ ત્રીવેદી

મુંબાઈ.

મી૦ મોહનલાલ લલુ બ્રાહ્મણ
મે૦ ઈશબ મુસેભાઈ

કચ્છ નાગ્રેચા.

જાડેચા હાલાજી

મુવર રાજ ઈડર.

રા૦ રા૦ ચેતજી જોઈતાજી

જાહેર ખબર.

મહેરબાન દેશીબન્ધુઓને નમ્રતાપૂર્વક ખબર આપવામાં આવે છે કે અમારા તરફથી થોડા વખતમાં "જય બાળચંદ્રિકા" છપાવી બહાર પડવાની છે માટે જે સાહેબોને રાખવાની મરજી હશે તેમને પત્રથી નીચલે સરનામે ખબર કરવી. નાટપેડ કાગળ લેવામાં આવશે નહિ.

સૂચના.

મે. સુ. વાંચકોને વીનંતી પૂર્વક કહેવાનું કે આ ચોપડીમાં કોઇ પણ જાતની ભૂલ માલૂમ પડે તો માફ કરી સુધારી વાંચશો એજ વિનંતી.

લી૦ આર્ય શેવક	મુ. કડી.
કાસમ સુલેમાન.	ઠે. ઇશ્વરભાઇની હવેલી
જીજીભાઈ સુરજમલજી.	નજીક ઠે. મનીપુર કડી.

જાહેર ખબર.

મહેરબાન મુરબ્બી દેવી ભક્તોને વિનંતી કે નીચે સહી કરનારના તરફથી થોડા વખતમાં એક "દુઃખ ભંજન અંબીકા સ્તુતિઓ" એ નામનું પુસ્તક બહાર પડશે જેને મંગાવવું હોય તેણે પ્રથમ છપાયા પહેલાં કીમત મોકલશો તો અગાઉથી ગ્રાહક થનારા તરીકે ગણી પુસ્તકની બાજુએ છપાવવા આ શેવક તૈયાર થશે.

લી૦ સુભેચ્છક.

રા. રા. જીજીભાઇ સુરજમલજી રજપુત.

મુ. કડી ઠે. મનીપુર.